विधानसभा
सत्यमेव जयते
गुजरात

# યોગેશ પટેલ

ધારાસભ્ય
૧૪૫,માંજલપુર વિધાનસભા
ભાઉકાળેની ગલી,રાવપુરા, વડોદરા
મોબાઈલ : ૯૮૨૫૧ ૪૩૩૬૬

૧૫ માર્ચ,૨૦૧૭

પ્રેસ વિજ્ઞપ્તિ

**બેફામ ફી વસુલતા ભ્રષ્ટ શાળા સંચાલકો સામે વાલીઓ બહાર આવે..સરકાર તમારી સાથે છે**

રાજ્યના શૈક્ષણિક ક્ષેત્રે ચાલતી ઉઘાડી લૂંટ સામે અગાઉ અનેકવાર સફળ આંદોલન કરનાર લોકહિતરક્ષક ધારાસભ્ય યોગેશ પટેલે ભ્રષ્ટ શાળા સંચાલકો દ્વારા પ્રવેશથી માંડી શાળા છોડવાનો દાખલો આપવા સુધીની પ્રક્રિયા દરમ્યાન વાલીઓને લૂંટવા અજમાવેલા હથકંડાઓ સામે વધુ એક વાર અવાજ ઉઠાવ્યો છે..

હવે જ્યારે નવું સત્ર શરૂ થવાનો સમય નજીક છે અને નર્સરીથી લઈ ૧૨ સુધીની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે શિક્ષણના માફિયાઓ દ્વારા ફી વધારાના નામે થતી ઉઘાડી લૂંટની ફરિયાદો વાલીઓ તરફથી મળી રહી છે..ધારાસભ્ય યોગેશ પટેલે આવી ફરિયાદો અંગે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું ધ્યાન દોરતાં તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા અને વિધાનસભાના વર્તમાન સત્રમાં ફી પર અંકુશ લાવતું વિધેયક લાવવાની સરકારની તૈયારી અંગે માહિતી પણ આપી હતી..

આમ સરકાર અને શિક્ષણ મંત્રી તથા શિક્ષણ વિભાગ જ્યારે વાલીઓને થતા અન્યાય સામે કડક પગલાં લેવા કટિબદ્ધ છે ત્યારે બેફામ ફી વધારો કરતી અને વિવિધ ફીના નામે લૂંટતી શાળાઓની પુરાવાસહ માહિતી વાલીઓ પણ આપે એ જરૂરી છે એજ જણાવી માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલે વાલીઓ જોગ જાહેર અપીલ કરતાં જણાવ્યું હતું કે વાલીઓ તરફથી મળતી માહિતી ગુપ્ત રાખવામાં આવશે અને શાળા સંચાલકો તરફથી કોઈ હેરાનગતિ ન થાય એની સરકાર તરફથી તકેદારી રાખવામાં આવશે.

લોકહિતરક્ષક ધારાસભ્ય યોગેશ પટેલે વાલીઓને આવી માહિતી ફી રસીદની કોપી સાથે એમના ભાઉકાળેની ગલી સ્થિત કાર્યાલય ખાતે બે દિવસમાં પહોંચતી કરવા જણાવ્યું હતું..શિક્ષણ માફિયાઓના કરતુતોની માહિતી કોઈ પણ વાલી ધારાસભ્ય યોગેશ પટેલના મોબાઈલ નંબર ૯૮૨૫૧ ૪૩૩૬૬ પર બેધડક આપી શકશે. ટૂંકમાં જ સરકારને બદનામ કરતા શિક્ષણ માફિયાઓના સામ્રાજ્યને તોડવા મુહિમ શરૂ કરાશે એમ પણ યોગેશ પટેલે જણાવ્યું હતું..

**( યોગેશ પટેલ )**

ધારાસભ્ય,**માંજલપુર** વિધાનસભા, વડોદરા